# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/067 Dt. 23/08/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત અને વંડર બોય ઓફ ઈન્ડિયાથી ઓળખાતા શ્રી અવિ શર્મા સાથે 'મોડર્ન બિઝનેસમાં ઇનોવેશનની ભૂમિકા' વિશે સેમિનાર યોજાયો

### શ્રી અવિ શર્માએ સુરતના ઉદ્યોગ સાહસિકોને પુરાણો અને અધ્યાયોના શ્લોક તેમજ વિવિધ કેસ સ્ટડીઝ થકી બિઝનેસમાં ઈનોવેશનનું મહત્વ સમજાવ્યું

### પોઝિટીવ એટીટ્યુડ રાખવો આંત્રપ્રિન્યોરની એક ઓળખ હોય છે, જીવનમાં અને બિઝનેસમાં પરિવર્તનનો સ્વીકાર કરવો જ જોઈએ : શ્રી અવિ શર્મા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૨ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, સેમિનાર હોલ–એ, સરસાણા, સુરત ખાતે 'મોડર્ન બિઝનેસમાં ઇનોવેશનની ભૂમિકા' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત અને વંડર બોય ઓફ ઈન્ડિયાથી ઓળખાતા શ્રી અવિ શર્માએ સુરતના ઉદ્યોગ સાહસિકોને પુરાણો અને અધ્યાયોના શ્લોક તેમજ વિવિધ કેસ સ્ટડીઝ થકી બિઝનેસમાં ઈનોવેશનનું મહત્વ સમજાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ઇનોવેશન એ મોડર્ન બિઝનેસ માટે લાઈફ બ્લડ છે, જે કંપનીઓને ડોમેસ્ટીક તેમજ વૈશ્વિક કક્ષાએ સ્પર્ધાત્મક બનાવે છે અને માર્કેટની બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ બિઝનેસમાં આગળ વધવા માટે સક્ષમ બનાવે છે. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્ષ ૨૦૨૩ મુજબ, સ્વીત્ઝરલેન્ડ, યુ.એસ. અને સ્વીડન, એ સૌથી વધુ ઇનોવેટીવ દેશો તરીકે વિશ્વમાં પ્રચલિત છે. જેમાં ભારતનો ૪૦મો ક્રમ આવે છે. વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક સ્તરે કંપનીઓએ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં ૨.૫ ટ્રિલિયન યુએસ ડોલરથી વધુનું રોકાણ કર્યું હતું, જે ઇનોવેશન આધારિત વૃદ્ધિમાં સતત વધારો દર્શાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત, વિશ્વમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ–અપ ઇકો સિસ્ટમ તરીકે ઉભરી આવ્યું છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં ભારત, ૯૦ હજારથી વધુ સ્ટાર્ટ–અપ સાથે એક મજબૂત ઇનોવેશન કલ્ચર સાથેના દેશ તરીકે પોતાનું સ્થાન બનાવી લેશે. જેના માટે સરકાર પણ પ્રયાસ કરી રહી છે. સરકાર દ્વારા સ્ટાર્ટ–અપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા અને અટલ ઇનોવેશન મિશન જેવી યોજનાઓ અમલમાં મુકી તમામ ક્ષેત્રોમાં ઇનોવેશનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

શ્રી અવિ શર્માએ જણાવ્યું હતું કે, હાલમાં ક્ષણે–ક્ષણે વિશ્વમાં નવા બદલાવ આવી રહ્યા છે ત્યારે મહત્વનું છે કે, બિઝનેસમાં પણ બદલાવ અને ઈનોવેશન લાવવું જોઈએ. બિઝનેસમાં ઈનોવેશન લાવવા માટે કોર પ્રિન્સિપલ્સમાં સૌથી પહેલા આવે છે, ડિટેચમેન્ટ ફ્રોમ આઉટકમ, જેને ભગવાન શ્રી કૃષ્ણ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં નિશકામ કર્મના રૂપમાં સમજાવે છે. કર્મની જેમ જ ઈનોવેશન એક લાંબા ગાળાની પ્રક્રિયા છે. તેમાં સમયની કોઈ મર્યાદા નથી અને ઈનોવેશનના અવિરત પ્રયાસો થકી કંપનીને મોટી અને સફળ બનાવી શકાય છે. જ્યારે વ્યક્તિઓ પર કોઈ પણ પ્રકારની ટારગેટની મર્યાદા નહીં હોય અને તે મનપસંદ કાર્ય કરતો હોય ત્યારે જ ઈનોવેશન વિશે વિચારી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્માર્ટફોન બનાવતી એપલ કંપની અને એપલ ફ્રુટમાં એક સંલગ્ન બાબત એ છે કે, બંન્ને એવા વાતાવરણમાં નિર્માણ થાય છે, જ્યાં ગ્રોથ એન્ડ એડેપ્ટીબિલિટીનો સ્વીકાર કરવામાં આવે છે. એપલ કંપનીમાં કર્મચારીઓના સૂચનોનો સ્વીકાર થાય છે. જ્યાં દરેક વર્તનનું સ્વીકાર થાય છે, ત્યાં સફળતા પણ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ઈનોવેશનને ફોલો કરવું જોઈએ, પોતાની કોઈપણ મર્યાદાઓ વગર. આંત્રપ્રિન્યોરના જીવનમાં અપ અને ડાઉન અનેક આવશે તે સ્થિતીમાં એવું વિચારવું જોઈએ કે આ સ્થિતિમાંથી હું શું શીખી શકીશ. પોઝિટીવ એટીટ્યુડ રાખવો આંત્રપ્રિન્યોરની એક ઓળખ હોય છે. જીવનમાં અને બિઝનેસમાં પરિવર્તનનો સ્વીકાર કરવો જોઈએ. કારણ કે Change is the only Constant વિશ્વમાં પરિવર્તન જ એક ચોક્કસ વસ્તુ છે. એક સમયે હમની રેટિંગ્સ આપતી નેટફ્લિક્સ કંપનીએ સમયની સાથે પોતાની સર્વિસમાં ફેરફાર કરીને આજે ઓટીટી પ્લેટફોર્મ પર ટોચની કંપની બની છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ વકતાઓ પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, ગૃપ ચેરમેન શ્રી અશોક જીરાવાલા અને વિવિધ ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઈએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની યુથ વિંગ કમિટીના કો–ચેરમેન ડો. વિજય રાદડીયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી અવિ શર્માએ ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.